# આરતી કંવર અને વિજય નેહરાને પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે બઢતી

**નવા** વર્ષની આરંભે આઈએએસ અને આઈપીએસ અધિકારીઓને મળી બઢતીની ગીફ્ટ

ગાંધીનગર : રાજ્ય સરકારે નવા વર્ષના આરંભે સીનિયર આઈએએસ તથા આઈપીએસ અધિકારીઓને બઢતીની ગીફ્ટ આપી છે. જેમાં 14 આઈપીએસ અધિકારીઓને બઢતી આપવામાં આવી છે. જ્યારે 1996ની બેચના પાંચ પ્રિન્સિપલ સેક્રેટરી કક્ષાના આઈએએસ અધિકારીઓને અધિક ચીફ સેક્રેટરી તરીકે બઢતી અપાઈ છે. જેમાં મોના ખંધાર ( અન્ન નાગરિક પુરવઠો) , ડૉ ટી નટરાજન (નાણાં વિભાગ), રાજીવ ટોપનો (આરોગ્ય વિભાગ) , મમતા વર્મા (ઉદ્યોગ) અને મૂકેશ કુમાર (શિક્ષણ વિભાગ)નો સમાવેશ થાય છે. હજુ ગઈ રાત્રે જ રાજ્ય સરકારે મહત્વનો આદેશ કરીને 1992ની બેચના સીનિયર આઈપીએસ ડૉ. કે. એલ. એન. રાવને રાજ્યના ડીજીપીનો ચાર્જ આપ્યો છે. વધુમાં રાજ્ય સરકારે 2001 ની બેચના બે આઈએએસને પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે બઢતી આપી છે. જેમાં આરતી કંવર અને વિજય નેહરાનો સમાવેશ થાય છે.

સરકારના ગૃહ વિભાગે કરેલા નવા આદેશ મુજબ 1996ની બેચના સીનિયર આઈપીએસ નરસિમ્હા કોમાર, ડૉ પ્રફુલ કુમાર રોશન , ડૉ એસ પાન્ડિયન રાજકુમારને ડીજીપી તરીકે બઢતી અપાઈ છે. જ્યારે 2001 ની બેચના ડૉ વિપુલ કુમાર અગ્રવાલને અધિક ડીજીપી તરીકે , નીરજ કુમાર બડગુજર, મીસ સારાહ રીઝવી, શોભા ભૂતડા,પ્રદિપ સેજુલને , સૌરભ સીગને આઈજી તરીકે , ડૉ સુધીર કુમાર દેસાઈને,વલરામ મીણાને , ડૉ. કરણરાજ વાઘેલાને , એસવી પરમારને અને એ એમ મુનીયાને ડીઆઈજી તરીકે બઢતી અપાઈ છે.

આ ઉપરાંત 2010ની બેચના 7 સીનિયર આઈએએસને સુપર ટાઈમ સ્કેલ એટલે કે (લેવલ 14 પે મેટ્રિક્સ) માં બઢતી અપાઈ છે, જેમાં આનંદ પટેલ , સુજીત કુમાર , ડૉ નરેન્દ્ર કુમાર મીણા, બી એસ તલાટી , કે એલ બચાણી ( માહિતી કમિશનર ) તુષાર ભટ્ટ અને હાર્દિક શાહ ( પીએમ નરેન્દ્ર મોદીના પ્રાઈવેટ સેક્રેટરી) નો સમાવેશ થાય છે.

2013ની બેચના 13 આઈએએસને રાજ્ય સરકારે સિલેકશન ગ્રેડ - લેવલ 13 પે મેટ્રિક્સમાં બઢતી આપી છે. જેમાં સ્તુતી ચારણ, મનીષ કુમાર, ક્ષીપ્રા આગ્રે, અરૂણ મહેશ બાબુ, ડૉ હર્ષિત ગોસાવી, યોગેશ નિરગુડે, અમીત યાદવ , કે.એસ. વસાવા, આર. આર. ડામોર, આર. એમ. ડામોર , એન. વી. ઉપાધ્યાય, પી.બી. પંડયા અને પ્રજેશ કુમાર રાણાનો સમાવેશ થાય છે.

2017ની બેચના 12 આઈએએસને લેવલ 12 - પે મેટ્રિક્સમાં બઢતી આપી છે. જેમાં મનીષ ગુરવાણી, સ્વપ્નીલ ખરે, ગુરવ દિનેશ રમેશ ,મીરાંત પરીખ , ગંગાસિંગ , સુરભી ગૌતમ , ડૉ પ્રશાંત જીલોવા, મિલિન્દ બાપના, વિકલ્પ ભારદ્વાજ , એ બી પાંડોર , બી બી ચૌધરી અને બી સી પરમારનો સમાવેશ થાય છે.

અન્ય બીજા આદેશમાં રાજ્ય સરકારે 2022ની બેચના 10 આઈએએસ ને (સીનિયર ટાઈમ સ્કેલ - લેવલ - 11 પે મેટ્રિક્સ )માં બઢતી આપી છે. આ અધિકારીઓ હાલમાં રાજ્યમાં આસી. કલેકટર તરીકે ફરજ બજાવી રહયા છે. મહેક જૈન , પ્રતીભા દહિયા, વિધ્યાસાગર , વંદના મીણા, હિરેન બારોટ , રાજેશ કુમાર મોર્યા, સ્વપ્નીલ મહાદેવ સીસ્લે, ઓમકાર શીન્દે, લેફ કર્નલ અમોલ આવાટે (નિવૃત્ત) અને પ્રતીક જૈનને સમાવેશ થાય છે.

# નવા વર્ષે મંદિરોમાં શ્રદ્ધાનો મહાસાગર

**સોમનાથ**-દ્વારકા-અંબાજીમાં ભક્તોનું ઘોડાપૂર

સુરતઃ વર્ષ 2026ની પ્રથમ સવાર ભક્તિ અને આધ્યાત્મિકતાના અનોખા સંગમ સાથે ઉગી છે. ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામોમાં નવા વર્ષના પ્રારંભે આસ્થાનો એવો જુવાળ જોવા મળ્યો છે કે તમામ મુખ્ય મંદિરોમાં ભક્તોનું કીડીયારું ઉભરાયું હોય તેવા દૃશ્યો સર્જાયા છે. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથથી લઈને શક્તિપીઠ અંબાજી સુધી 'હર હર મહાદેવ' અને 'જય માતાજી'ના નાદ ગુંજી રહ્યા છે.

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં નવા વર્ષની ઉજવણી કરવા માટે માનવ મહેરામણ ઉમટી પડ્યો છે. છેલ્લા એક સપ્તાહમાં અંદાજે 7થી 8 લાખ શ્રદ્ધાળુઓએ દાદાના ચરણોમાં શીશ ઝુકાવ્યું છે. સમુદ્ર કિનારે વસેલું સોમનાથ મંદિર નવા વર્ષે ભક્તિમય બની ગયું છે અને વહેલી સવારની આરતીમાં હજારો ભક્તોએ હાજરી આપી સુખ-શાંતિની પ્રાર્થના કરી હતી. જગતમંદિર દ્વારકામાં પણ ભગવાન દ્વારકાધીશના દર્શન માટે શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા છે. ગોમતી ઘાટ પર સ્નાન કરી ભક્તો કાળિયા ઠાકોરના શરણમાં પહોંચ્યા હતા. દ્વારકાની તમામ હોટલો અને ધર્મશાળાઓ હાઉસફુલ થઈ ગઈ છે, જે દર્શાવે છે કે લોકોએ મોજ-મજાના બદલે આધ્યાત્મિકતા સાથે વર્ષનો પ્રારંભ કરવાનું વધુ પસંદ કર્યું છે.

નાતાલના વેકેશન અને નવા વર્ષની ઉજવણી માટે ભગવાન શ્રીકૃષ્ણની કર્મભૂમિ દ્વારકામાં 20 ડિસેમ્બરથી જ દર્શનાર્થીઓ અને પ્રવાસીઓનું ઘોડાપૂર ઉમટી પડ્યું છે. દેશ-વિદેશ અને ખાસ કરીને ભારતના હિન્દીભાષી રાજ્યોમાંથી લાખો ભક્તો ભાવ અને શ્રદ્ધા સાથે દ્વારકાધીશના દર્શન કરવા આવી રહ્યા છે. આ ભીડને ધ્યાનમાં રાખીને દેવભૂમિ દ્વારકા જિલ્લાના વહીવટી તંત્રના વડાઓ, જેમાં જિલ્લા કલેક્ટર રાજેશ તન્ના, એસ.પી. જયરાજસિંહ વાળા, દ્વારકા ડિવિઝનના ડીવાય.એસ.પી. સાગર રાઠોડ, પ્રાંત અધિકારી અમોલ આવટે અને દ્વારકાધીશ દેવસ્થાન સમિતિના વહીવટદાર હિમાંશુ ચૌહાણનો સમાવેશ થાય છે, તેમણે વ્યવસ્થાની કમાન સંભાળી છે. અધિકારીઓ હેડક્વાર્ટર છોડીને દ્વારકામાં ખડેપગે મુકામ કરી રહ્યા છે જેથી યાત્રીકોને સુઘડ વ્યવસ્થા મળી રહે.

યાત્રીકોની હકડેઠઠ ભીડને કારણે વાણિજ્ય-વ્યાપાર સાથે સંકળાયેલા ધંધાર્થીઓ પણ પ્રભાવિત થયા છે. જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ, ટ્રાન્સપોર્ટેશન અને ઉતારાની વ્યવસ્થા ખૂબ જ ટૂંકી પડી રહી છે. હોટલ, રિસોર્ટ, અતિથિગૃહો અને હોમ-સ્ટે સહિત 2500 જેટલા રૂમો હાઉસફૂલ થઈ ગયા છે, જેના કારણે ઘણા પ્રવાસીઓને જામનગર, પોરબંદર અને રાજકોટ જેવા નજીકના શહેરોમાં રોકાવું પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે.

# સુરેન્દ્રનગર જમીન કૌભાંડનો મુખ્ય આરોપી ચંદ્રસિંહ મોરી જેલ ભેગો

**આરોપી** મોરીની ED દ્વારા દિલ્હી લઇ જઇ સઘન પૂછપરછ કરાઇ હતી

ગાંધીનગર : સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં થયેલા કરોડોના કથિત જમીન કૌભાંડ અને ભ્રષ્ટાચારના મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. કેસના મુખ્ય આરોપી અને નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના રિમાન્ડ પૂર્ણ થતા આજે તેને અમદાવાદની સ્પેશિયલ ઈડી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. જ્યાં ઈડી દ્વારા વધુ રિમાન્ડની માંગણી ન કરાતા સ્પે. કોર્ટે આરોપીને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો આદેશ કર્યો છે.

અત્રે ખાસ ઉલ્લેખનિય છે કે સુરેન્દ્રનગર જમીન કૌભાંડના મુખ્ય આરોપીના રિમાન્ડ દરમિયાન મની લોન્ડરિંગના પુરાવા એકત્ર કરવા માટે ઈડીની ટીમ આરોપી ચંદ્રસિંહ મોરીને દિલ્હી ખાતે લઈ ગઈ હતી. જ્યાં ઉચ્ચ અધિકારીઓએ ચંદ્રસિંહની દિલ્હીમાં સઘન પૂછપરછ કરી હતી.

તપાસમાં જમીન હેતુફેર (CLU) ફાઈલોમાં લેવાયેલી લાંચના નાણાં ક્યાં રોકવામાં આવ્યા અને તેમાં અન્ય કયા મોટા માથાઓ સામેલ છે તે દિશામાં મહત્વની વિગતો મેળવવાનો પ્રયાસ કરાયો હતો. ઈડીએ કોર્ટમાં રજુઆત કરી હતી કે હાલ પૂરતી પૂછપરછ પૂર્ણ થઈ છે, જેના આધારે કોર્ટે આરોપીને જેલ હવાલે કર્યો છે. જોકે, દિલ્હીમાં થયેલી પૂછપરછ દરમિયાન મળેલા નવા તથ્યોને આધારે આગામી દિવસોમાં અન્ય સરકારી અધિકારીઓ કે વચેટિયાઓની મુશ્કેલીઓ વધી શકે છે. આ કેસમાં ઈડીએ પાડેલા દરોડા દરમિયાન ચંદ્રસિંહ મોરીના નિવાસસ્થાનેથી રૂ. 67.50 લાખની બિનહિસાબી રોકડ મળી આવી હતી.

## રાજ્યને ડિસેમ્બર 2025માં જીએસટી હેઠળ 6351 કરોડની આવક થઈ

ગાંધીનગર : ડિસેમ્બર 2025માં રાજ્યને જીએસટી હેઠળ 6351 કરોડની આવક થઈ છે. જે ગત વર્ષના સમાન સમયગાળામાં થયેલી આવક કરતા 12.37 ટકા વધુ છે. ડિસેમ્બર 2025માં રાષ્ટ્રીય કક્ષાએ જીએસટી આવકનો ગ્રોથ 6.1% રહેલો છે.

રાજ્યને ડિસેમ્બર 2025માં વેટ હેઠળ 2,711 કરોડ, વિદ્યુત હેઠળ 976 કરોડ અને વ્યવસાય વેરા હેઠળ 67 કરોડની આવક થઈ છે. આમ જીએસટી, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થકી 10,1104 કરોડની આવક થયેલી છે. ડિસેમ્બર 2025 માં મોબાઈલ સ્કવોર્ડ દ્વારા અન્વેષણની કામગીરી થકી રૂપિયા 32.61 કરોડની આવક થયેલી છે. જે ગત વર્ષના ડિસેમ્બર 2024 કરતા 28.3 ટકા વધારે છે.

# 11-12 જાન્યુઆરીએ PM મોદીનો રાજકોટમાં રોડશો આવશે

**વાઇબ્રન્ટ** સમિટનું ઉદઘાટન કરશે, અમદાવાદમાં કાઇટ ફેસ્ટિવલમાં હાજરી આપશે

સુરત : PM મોદી 11 અને 12 જાન્યુઆરીએ ગુજરાતના મહેમાન બનશે. 11મી તારીખે રાજકોટમાં રોડ શો યોજી સૌરાષ્ટ્ર-કચ્છ રીજનલ વાઈબ્રન્ટ સમિટનો પ્રારંભ કરાવશે. ત્યાર બાદ 12મી જાન્યુઆરીએ અમદાવાદમાં આયોજિત કાઈટ ફેસ્ટિવલનો પ્રારંભ કરાવશે.

કાઈટ ફેસ્ટિવલ સમયે જર્મનીના ચાન્સેલર ગુજરાતના મહેમાન બનવાના છે. ત્યારે પીએમ મોદી અને ચાન્સેલર વચ્ચે મુલાકાત થઈ શકે છે. પીએમની બે દિવસીય ગુજરાત મુલાકાતને લઈ હાલ રાજકોટ અને અમદાવાદમાં વહીવટીતંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

રાજકોટમાં 11 અને 12 જાન્યુઆરી મારવાડી યુનિવર્સિટીમાં સૌરાષ્ટ્ર - કચ્છની રીજનલ વાઈબ્રન્ટ સમિટ યોજવાની છે ત્યારે એની સમીક્ષા માટે આજે પ્રભારી મંત્રી જિતુ વાઘાણી રાજકોટ આવી પહોંચ્યા હતા અને તમામ અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે બેઠક કરી હતી, જે બાદ જાહેર કર્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી 11મી જાન્યુઆરીના બપોરે રાજકોટ પધારશે. જૂના એરપોર્ટ ખાતે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી દ્વારા સ્વદેશી થીમ સાથે તેમનું સ્વાગત થશે, જે બાદ એક કિલોમીટર જેટલો તેમનો રોડ શો યોજાશે. ગુજરાતની પ્રથમ રીજનલ વાઈબ્રન્ટ સમિટ મહેસાણામાં યોજાયા બાદ હવે રાજકોટમાં યોજાઈ રહી છે, ત્યારે એમાં ખુદ વડાપ્રધાન આવી રહ્યા હોઈ, તેમનું ભારતીય સાંસ્કૃતિક પરંપરા મુજબ સ્વાગત થશે. આ વાઈબ્રન્ટ સમિટમાં જાપાન અને યુક્રેન સહિત 22 દેશો જોડાવાના છે. 6,364 ઉદ્યોગકારોનાં રજિસ્ટ્રેશન થઈ ચૂક્યાં છે. 26400 ચોરસ મીટરમાં ટ્રેડ શો થશે, જેમાં સૌરાષ્ટ્ર - કચ્છના ઓટોમોબાઈલ, સિરામિક સહિતના ઉદ્યોગોને વૈશ્વિક ફલક મળવાનું છે.

મારવાડી યુનિવર્સિટી ખાતે વાઈબ્રન્ટ સમિટ યોજાવાની છે ત્યારે તેમાં ટ્રેડ શોનું પીએમના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવશે, જેમાં પાર્ટનર કન્ટ્રી તરીકે જાપાન, યુક્રેન, રિપબ્લિક ઓફ કોરિયા, રિપબ્લિક ઓફ રવાન્ડા જેવા દેશો છે. અત્યારસુધીમાં 6,364 રજિસ્ટ્રેશન થઇ ચૂક્યા છે, જેમાં ભારત સહિત 22 દેશોના આંતરરાષ્ટ્રીય કક્ષાનાં રજિસ્ટ્રેશન થયાં છે. 26400 ચોરસ મીટરમાં સમગ્ર પ્રદર્શન યોજાશે, જે મહેસાણાથી પણ મોટું હશે. આ ઉપરાંત 4500 ચોરસ મીટરમાં પેવેલિયન બનાવવામાં આવ્યું છે, જેમાં MSME, કુટીર અને હસ્તકલા ઉદ્યોગના ઉદ્યોગકારો હશે, જેમાં મુખ્ય આકર્ષણની વાત કરવામાં આવે તો ડેઈલી લક્કી ડ્રો, કારીગરો દ્વારા થતું ઉત્પાદન, વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ અને GI ટેગ ડિસ્પ્લે રહેશે, જેમાં અદાણી, રિલાયન્સ અને ટાટા કેમિકલ જેવી મોટી કંપનીઓ પણ ચાર ક્ષેત્રમાં સહભાગીદાર થવાની છે. અહીં 4000થી વધુ ઉદ્યમીઓ હશે. 20થી વધુ સેમિનાર હોલમાં દરરોજ અલગ અલગ ક્ષેત્રના સેમિનાર યોજવામાં આવશે.

રાજકોટની મારવાડી યુનિવર્સિટીમાં 11 અને 12 જાન્યુઆરીના રીજનલ વાઈબ્રન્ટ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતમાં ચાર વાઈબ્રન્ટ સમિટ થઈ રહી છે, જેમાં મહેસાણામાં અગાઉ આ સમિટ થઈ ચૂકી છે અને હવે સૌરાષ્ટ્ર કચ્છની રીજનલ વાઈબ્રન્ટ સમિટ રાજકોટમાં યોજાવા જઈ રહી છે. એ બાદ વડોદરા અને છેલ્લે સુરતમાં રીજનલ વાઈબ્રન્ટ સમિટ યોજાશે. મારવાડી યુનિવર્સિટીમાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટમાં ઉદ્યોગકારો માટે ઉપયોગી અલગ અલગ પ્રકારના સેમિનાર યોજાશે. આ વાઈબ્રન્ટ સમિટથી સૌરાષ્ટ્ર કચ્છના તમામ ઉદ્યોગકારોને ફાયદો થશે.

# અમદાવાદના સાણંદમાં બે જૂથ વચ્ચે પથ્થરમારો

**કલાણામાં** સગીરાની સામે જોવાના મુદ્દે વાત વણસી ગઇ

અમદાવાદ : અમદાવાદ જિલ્લાના સાણંદ નજીક કલાણા ગામમાં સગીરા અને યુવક સામસામે જોવાની સામાન્ય બાબતમાં બોલાચાલી થતા બંને જૂથના લોકો સામસામે આવી ગયા હતા, અને એકબીજા સામે લાકડીઓ તથા પથ્થરમારો કરી હુમલો કર્યો હતો. આ ઘટનામાં પોલીસે 25 લોકોની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ સાણંદ નજીકના કલાણા ગામ ખાતે તળાવ પાસે એક સગીરાની સામે એક યુવક જોઈ રહ્યો હતો. આ અંગે એકબીજા સામે જોવાની બાબતમાં બોલાચાલી થઈ હતી. આ બોલાચાલી ઉગ્ર બનતા બંને જૂથના લોકો સામસામે આવી ગયા હતા, અને એકબીજા ઉપર પથ્થર મારો કર્યો હતો. આ અંગે નો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

ઘટના અંગે પોલીસને જાણ થતા પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી ગામમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. આ મામલે પોલીસે ત્રણ મહિલાઓ સહિત 25 લોકોની અટકાયત કરી તેઓ વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## સુડોકુ - ૬૮૨૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | ૯ | ૭ | | | ૧ | | ૨ |
| | ૨ | | ૯ | ૫ | ૧ | | ૩ | |
| ૭ | | | ૪ | ૩ | | | ૫ | |
| ૧ | | | | ૭ | ૪ | ૩ | ૨ | |
| | ૯ | ૭ | ૫ | ૧ | ૩ | ૪ | ૬ | |
| ૪ | | ૩ | | | ૯ | ૭ | ૧ | ૫ |
| ૮ | | | | | | | | ૪ |
| | ૪ | ૬ | | ૯ | ૫ | ૨ | ૭ | ૧ |
| | ૭ | | | ૪ | | ૫ | | ૩ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૭ | ૫ | ૩ | ૨ | ૮ | ૯ | ૧ | ૪ |
| ૮ | ૧ | ૯ | ૫ | ૪ | ૭ | ૬ | ૩ | ૨ |
| ૩ | ૨ | ૪ | ૬ | ૧ | ૯ | ૭ | ૫ | ૮ |
| ૫ | ૬ | ૩ | ૨ | ૭ | ૧ | ૪ | ૮ | ૯ |
| ૧ | ૯ | ૮ | ૪ | ૫ | ૬ | ૩ | ૨ | ૭ |
| ૨ | ૪ | ૭ | ૯ | ૮ | ૩ | ૧ | ૬ | ૫ |
| ૭ | ૩ | ૬ | ૧ | ૯ | ૪ | ૨ | ૮ | ૫ |
| ૯ | ૮ | ૧ | ૭ | ૬ | ૫ | ૨ | ૪ | ૩ |
| ૪ | ૫ | ૨ | ૮ | ૩ | ૨ | ૫ | ૧ | ૬ |

૯૮૨૬-ગુરુ ક્રીડ

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ઊલટી

શંખપુષ્પ નો સ્વરસ બે ચમચી કાઢી તેમાં બે ગ્રામ કાળા મરીના ચૂર્ણ સાથે પીવું. ઉપર લસણ નાંખી તેલમાં વઘારેલા મમરા બે મૂઠી ખાવા. ઉપર પાણી પીવું નહીં. મમરા દિવસ મા બે થી ત્રણ વખત ખાઈ શકો છો.

## શબ્દગુંફન - ૭૧૩૫

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. બાંધકામના પાયાના પથ્થરને મૂકવાની વિધિ (૫) ૪. એક કઠોળ ૨) ૮. દુનિયા, વિશ્વ ૯૩) ૧૦. અનુકરણ (૩) ૧૨. બાગ, આનંદ (૩) ૧૪. ટેવ, વ્યસન (૨) ૧૫. ગાનાર, ગવૈયો (૩) ૧૬. ઝટ, એકદમ (૩) ૧૮. ભીંત (૩) ૨૦. લીલું ઘાસ(૨) ૨૨. શરીરની ઊંચાઈ(૨) ૨૩. પાણી, જળ (૨) ૨૪. મંદ સ્મિત (૪) ૨૬. મહાભારતનું એક પાત્ર (૩) ૨૭. સીમા, મર્યાદા (૨) ૨૮. ઉપાય, ઇલાજ (૨) ૨૯. જંગલ (૨) ૩૧. કૃપા (૨) ૩૪. વગાડવું તે (૩) ૨૬. રસ્તો (૨) ૩૭. ચાલાક (૩) ૩૮. ખપ, જરૂર (૩) ૩૯. મેંદી (૨)

**ઊભી ચાવી**

૨. યોગ્યતા (૩) ૩. પ્રતિજ્ઞા (૨) ૫. હાથી (૨) ૬. હંમેશ, નિરંતર (૩) ૭. શ્વાસ (૨) ૯. ભૂલ ભરેલું (૩) ૧૦. પાસે, સમીપ (૪) ૧૧. સહેજ, થોડુંક (૩) ૧૨. ચર્ચા, ઊહાપોહ (૪) ૧૩. નમેલું (૨) ૧૭. ઘોડા-બળદની એક પ્રકારની ચાલ (૩) ૧૯. ચર્ચા (૫) ૨૧. કાંઠો, કિનારો (૨) ૨૩. અવાજ વિનાનું (૩) ૨૪. સહાય (૩) ૨૫. કામ, વહીવટ (૨) ૨૮. શાહીનો ખડિયો (૩) ૩૦. જમીન ખોદવાની કોશ (૩) ૩૨. માગણી (૩) ૩૩. કથા, કહાણી (૩) ૩૫. પર્વત (૨)

૯૬૧૭ - ગુરુ ક્રીડ

## આજનું પંચાંગ

**તા. 02/01/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** પૌષ
**તિથિ:** સુદ : ચૌદસ : 18:55 વ્રતની પૂનમ
**રાષ્ટ્રિય દિનાંક :** પૌષ : 12
**અયન :** ઉત્તરાયણ **ઋતુ :**શિશિર
**નક્ષત્ર :** મૃગશિર્ષ : 20:06
**યોગ :** શુક્લ **કરણ:** ગર
**રાશિ:** વૃષભ (બ.વ.ઉ.) 09:27 પછી મિથુન (ક.છ.ઘ.)
**દિવસ :** અશુભ - બુધ પૂર્વમાં અસ્ત
**સુરતમાં સૂર્યોદય :** 07:18
**સુરતમાં સૂર્યાસ્ત :** 18:08
**નવકારસી:** 08:06
**પારસી વર્ષ :** 1395, અમરદાદ માસનો 21મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, રજ્જબ માસનો 12મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
**રાત્રિનાં ચોઘડિયાં:** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ :** સવારે 10:30 થી 12:00 સુધી

**મેષ (અ,લ,ઇ,):** મનગમતા ભોજનનો લહાવો મળે. ઘરમાં આનંદમય વાતાવરણ રહે. નોકરીમાં મદદ મળે. નવા કામ માટે મિત્રો મદદરૂપ બનશે.

**વૃષભ (બ,વ,ઉ,):** રોમેન્ટીક મુલાકાત થાય. મનગમતી જગ્યાએ પ્રવાસ થાય. આર્થિક બાબતે યોક્કસ બનશો. ઉઘરાણી આવે.

**મિથુન (ક,છ,ઘ,):** મોજ શોખ અને ખર્ચ-ખરીદી પાછળ ખર્ચા વધશે. નોકરીમાં નવી તક મળે. સમાજમાં યશ મળે.

**કર્ક (ડ,હ,):** કોઇની વાતોમાં આવીને આર્થિક વ્યવહાર કરવા નહીં. માનસિક અને શારીરિક પીડાની સંભાવના વધશે.

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**સિંહ (મ,ટ,):** ઉચ્ચ કક્ષાનાં લોકોનો સાથ મળે. નોકરીમાં નવી તક મળે. પ્રેમમાં વિવાહનો પ્રસ્તાવ મળી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ,):** પ્રવાસ, પર્યટન, શિક્ષણ અને બૌદ્ધિક કામમાં સફળતા મળે. સંપતિ વગેરેના સોદા થઇ શકે છે.

**તુલા (ર,ત,):** ખાવા-પીવાના શોખીનોને સ્વાદિષ્ટ ભોજનનો આનંદ મળે. નાજુક આરોગ્ય વાળાની સમસ્યા વધે.

**વૃશ્ચિક (ન,ય,):** દાંપત્ય અને કુટુંબ જીવનમાં અશાંતિ વધશે. આરોગ્યની ચિંતા અને ખર્ચા વધશે. મન અશાંત રહે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** સરકારી કામમાં મદદ મળે. ખર્ચા વધશે. કૌટુંબિક સમસ્યાનું સમાધાન થઇ શકે છે. ગુપ્ત ભય રહે.

**મકર (ખ,જ,):** જૂના મિત્રો અને સંબંધીઓની મુલાકાત થાય. નવા રોજગાર માટે મદદ મળે. આવક વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** નોકરીની જગ્યાએ નવા ફેરફારથી જવાબદારી વધે. પ્રેમ વિવાહનો પ્રસ્તાવ મળી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ,):** અટકેલાં કામ અને નાણાંના કામમાં ગતિ આવે. નોકરીમાં નવી તક મળે. નવી ટેકનોલોજીનો લાભ.

### કોઇ પણ સાલમાં 02 જાન્યુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું વર્ષ ઉત્સાહજનક રહેશે. આરોગ્ય, આર્થિક સામાજિક અને નોકરી-ધંધામાં ચડતી પડતી છતાં અનુકૂળતા વાળું રહેશે. કોઇ પણ માસની 2, 11, 20, 29 તારીખે જન્મેલા સાથે મેળ સારો રહે. તેમજ આ તારીખ અને સોમ-ગુરુવાર તમારા માટે અનુકૂળ કહેવાય. ચંદ્રના પ્રભાવનાં આંકવાળા માટે સફેદ, ક્રીમ અને હલકો લીલો રંગ શુભ કહેવાય. માટે તેનો ઉપયોગ કાયમ કરતા રહેવાથી લાભમાં રહેશો. પાંચ અને આઠ આંકવાળાથી સાવધાન રહેવું જૂન-જુલાઈ માસ, અને ઉપરોક્ત તારીખ અને વાર હોય તો શરૂ કરેલ કામ સફળ રહેશે. માટે વર્ષ દરમિયાન આ યાદ રાખવું. મંગળ-બુધવાર અને તા. 5 અને 8 તથા જાન્યુઆરી-ફેબ્રુઆરી માસ દરમિયાન નવા કામની શરૂઆત કે અન્ય કામ કરવાનું ટાળવું. ચાલુ વર્ષે સંતાનોના અભ્યાસ કેરિયર અને નવા ઘર, વાહન મકાન બાબતે અનુકૂળતા રહેશે. ટેકનોલોજીથી લાભ થાય. મિત્રો-વડીલોની મદદ સમાજ, કાયદા, વારસા બાબતે મળતી રહેશે. નવા આર્થિક રોકાણમાં કોઈની વાતોમાં આવવું નહીં. વિવાહલાયકના વિવાહ થશે.

## ચેક રિર્ટનના કેસમાં આરોપીને એક વર્ષની સજા

સુરતઃ ચેક રિર્ટનના કેસમાં આરોપી મનોજકુમાર શ્યામસુંદર તલવાનીને કોર્ટે એક વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. ફરિયાદની હકીકત મુજબ કશ્યપ ઈન્ફ્રાપ્રોજેક્ટસ પ્રા.લિ.ના ડિરેક્ટર હીરેનકુમાર દિલીપકુમાર ભાવસાર પાસેથી ક્રિએટીવ ઈલેક્ટ્રોટેકના ઓથોરાઈઝ્ડ મનોજકુમાર શ્યામસુંદર તલવાનીએ રૂ.૬,૪૦,૧૪૩નો સોલાર પાવર ઈનવર્ટરનો માલ ઉધારમાં ખરીદ્યો હતો. જે પેમેન્ટ પેટે મનોજકુમારે રૂ.૫,૩૯,૮૯૬નો ચેક આપ્યો હતો. ચેક રિન થતાં ફરીયાદી હિરેનકુમાર ભાવસારએ આરોપી વિરુદ્ધ વકીલ મુકેશ એન.મુથા મારફતે ચેક રિર્ટન થવા બાબતની ફરીયાદ કોર્ટમાં કરી હતી.

# દક્ષિણ ગુજરાતમાં 24 કલાક માટે માવઠાની આગાહી

**તાપમાન** પણ 4 ડિગ્રી સુધી ગગડી જશે

ગાંધીનગર : રાજ્યમાં હજુયે આગામી 24 કલાક માટે માવઠાની સંભાવના રહેલી છે. જ્યારે રાજ્યમાં ચાર ડિગ્રી જેટલી ઠંટી વધવાની ચેતવણી પણ હવામાન વિભાગે આપી છે.બીજી તરફ રાજ્યમાં હજુયે 24 કલાક માટે દક્ષિણ ગુજરાતમાં માવઠાની ચેતવણી હવમાન વિભાગ દ્વારા ઈશ્યુ કરાઈ છે. આજે દિવસ દરમ્યાન કચ્છના નલિયામાં 12 ડિ.સે. ઠંડી નોંધાવવા પામી છે. હવે 48 કાલક દરમ્યાન 4 ડિગ્રી જેટલો ઠંડીનો પારો નીચે ગગડી જવાનો છે. જેના પગલે નવા વર્ષ 2026ના આરંભે ગુજારતમાં ઠંડી વધવાની છે.

હવામાન વિભાગના સુત્રોએ કહયું હતું કે રાજ્યના અન્ય શહેરો પૈકી ભૂજમાં 14.8 ડિ.સે.,નલિયામાં 12 ડિ.સે.,કંડલા પોર્ટ પર 16.9 ડિ.સે., અમરેલીમાં 14.3 ડિ.સે., અમરેલીમાં 17.6 ડિ.સે.,ભાવનગરમાં 19.6 ડિ.સે.,રાજકોટમાં 16.3 ડિ.સે.,સુરેન્દ્રનગરમાં 18.0 ડિ.સે.,મહુવામાં 17.5 ડિ.સે., અમદાવાદમાં 18.9 ડિ.સે.,ડીસામાં 16.0 ડિ.સે., ગાંધીનગરમાં 16.5 ડિ.સે.,વલ્લભ વિદ્યાનગરમાં 18.8 ડિ.સ